જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૬/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૭૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૦૫	૧	૧૧૫૦૬	૧૭૬૨૪	૧	૧૭૬૨૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૬	૧	૮૭	૩૦૩	૦	૩૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૧૬૩૧	૩૩૪	૫૧૯૬૫	૫૨૩૧૦	૩૩૪	૫૨૬૪૪
કુલ		૬૭૯૩૦	૩૩૬	૬૮૨૬૬	૭૬૪૮૦	૩૩૫	૭૬૮૧૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૫	૨,૭૪,૫૦૦/-/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૭૭	૧૯,૭૭,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીઓની અટકાયતની વિગત

પી.સી.બી.

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી જુગાર રમતા ૩ ઈસમોને કુલ્લે રુપિયા ૫૧,૨૪૦/ ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ આપેલ સુચના અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨.૬.૨૧ ના રોજ નાઓ સ્ટાફના મસઈ જશવંતસિહ બળદેવસિહ, અહેકો મનોજભાઈ વિઠલભાઈ, અહેકો દીપનારાયણ રાજનારાયણ, અહેકો ધીરજકુમાર લક્ષ્મણભાઈ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના અહેકો ધીરજકુમાર લક્ષ્મણભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે સૈજપુર ગુજરાતી શાળા ન.૨,૪ ની બાજુમા આશાપુરા ઓટો કન્સલન્ટ નામની દુકાન આગળ જાહેરમા આરોપીઓ અશોક કનૈયાલાલ શર્મા રહે.૧૫૩૪, ધનુષધારી સોસાયટી, શકિત ચોક કૃષ્ણનગર રોડ સૈજપુર અમદાવાદ તથા અન્ય ૨ આરોપીઓ મળી કુલ્લે ૩ આરોપીઓને બોમ્બે વરલી મટકાનો સટ્ટા બેટિંગનો આંક લખી નાણાની હારજીત નો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૨૭,૨૪૦/ તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૫૧,૨૪૦/ ના મુદામાલ સાથે પકડી લઈ તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી કૃષ્ણનગર પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૧૩૨૧૦૭૬૪/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧)અશોક કનૈયાલાલ શર્મા રહે.૧૫૩૪,ધનુષધારી સોસાયટી,શકિતચોક કૃષ્ણનગર રોડ સૈજપુર અમદાવાદ

(૨) કાર્તીક સોનભદ્ર નાયકર (મદ્રાસી) રહે.૧૦૧૨ ધનુષધારી સોસાયટી ગુજરાતી શાળા ન.૨,૪ પાસે સૈજપુર અમદાવાદ

(૩) વિપુલ કનૈયાલાલ રાવળ રહે.કુબેરદાસની જુની ચાલી દશામા ના મઁદિર ની સામે સૈજપુર અમદાવાદ

વોન્ટેડ: હરેશ ઉર્ફે ટીનો અશોકભાઈ શર્મા રહે.૧૫૩૪ ધનુષધારી સોસાયટી, શકતી ચોક કૃષ્ણનગર રોડ સૈજપુર અમદાવાદ

ગુનાની જગ્યા : સૈજપુર ગુજરાતી શાળા ન.૨,૪ ની બાજુમા આશાપુરા ઓટો કન્સલન્ટ નામની દુકાન આગળ જાહેરમા

પકડાયેલ મુદામાલ : (૧) રોકડા નાંણા રૂ.૨૭,૨૪૦/ (૨) મોબાઇલ ફોન નંગ-૦૩ કિંમત રૂ.૨૪,૦૦૦/ (૩) સટ્ટા બુક નંગ-૧ કિ.૦૦/ (૪) સટ્ટા સ્લીપ નંગ ૧ કિ.૦૦/ (૪) સટ્ટાના આંક લખેલ પાના નંગ ૪ કિ.૦૦/ મળી કુલ્લે રૂ.૫૧,૨૪૦/- ની મત્તાનો મુદ્દામાલ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૭૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૫૯૮ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ પીક-અપ ડાલુ, ૧ મોટર સાયકલ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૯,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૭૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૮૦/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ નીલેશભાઇ પ્રવિણચંદ્ર મોદી (ઉ.વ.૫૧) (રહે. રતીલાલ પાર્ક નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે નારણપુરા) એ તા.૦૨/૦૬/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૦ થી તા.૨૯/૦૫/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન ગોતા સિલ્વર ઓક કોલેજ પાછળ આવેલ શાયોના સિલ્વર એસ્ટેટ પાર્ટ-૨ ખાતે ધ્રુવી ફાર્મા પ્રા.લી. કંપનીમાંથી આરોપી મુકેશ ગમનાજી પ્રજાપતિ (રહે. શ્રીનાથ એપાર્ટમેન્ટ નવા વાડજ) અલગ-અલગ દવાઓનુ ડીલીવરી કરી બિલના નાણા ૧૫,૧૦,૪૩૯/- કંપનીમાં જમા નહી કરાવી કરી કંપની સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૯૮૧/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ નાથીરીયાંગ ડો/ઓ સોનારામ (રહે. બી/૬ સબરી એપાર્ટમેન્ટ હરીઓમ એપાર્ટમેન્ટ સામે વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૬/૨૦૨૧ સવારના ૧૦/૪૦ થી બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર બહુમાળી ભવન સામે સરકારી વસાહત ડી ટાઇપ ટાવર ખાતે પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

મંદિરમાંથી ચોરીઃ- **સમાચાર યાદી નં.૯૮૨/૨૦૨૧**

એરપોર્ટઃ રાજુભાઇ રમતુજી ઠાકોર (રહે. ઠાકોરવાસ હાંસોલગામ સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૬/૨૦૨૧ કલાક ૭/૩૦ થી તા.૦૨/૦૬/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન હાંસોલ ગામ ખાતે આવેલ મહાકાળી માતાના મંદીરમાંથી સોનાનું છત્તર કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, ચાંદીનું છત્તર કિમત રૂપિયા ૧૦૦૦/-, તથા સધી માતાના મંદીર માંથી સોનાનું છત્તર કિમત રૂપિયા ૩૦,૦૦૦/- તથા ચાદીનુ છત્તર કિમત રૂપિયા ૧૦૦૦/- મળી બંન્ને મંદિરમાંથી કુલ કિમત રૂપિયા ૬૨,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.આર.દેસાઇ ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૮૩/૨૦૨૧**

નરોડાઃ નરોડા નિકોલ શેલ્બી હોસ્પીટલ પાછળ સમય ફલેટ સામે ખુલ્લા મેદાનના છાપરામાં રહેતા નરેશભાઇ જવાભાઇ (ઉ.વ.૨૫) (મુળવતન. ગામ મોટી ખરજ તાનથડી ફળીયુ તા-જી દાહોદ) તા.૦૨/૦૬/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે હંસપુરા ખાતે "કોપર સ્ટોન" નામની નવી બનતી સાઇડ ઉપર કામ કરતા હતા ત્યારે સાતમા માળેથી લીફટની ટ્રોલી છુટી પડતા, ટ્રોલી નરેશભાઇ ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિહ ભીમસિહ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૮૪/૨૦૨૧**

સાબરમતીઃ જેકશન જેવીયર રોડ્રિકમ (ઉ.વ.૩૬)(રહે.વલ્લભપાર્ક "ડી" કેબિન સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૬/૨૦૨૧ રાતના ૧૧/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એચ.સી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી